# ૧૯મા ફિક્હી સેમીનારના ફૈંસલા

રજૂકર્તા : હઝરત અલ્લામા મુફ્તી મુહમ્મદ
નિઝામુદ્દીન રઝવી (સદર મુફ્તી અશરફિયા–મુબારકપુર)

**અનુવાદકો**
**મૌલાના ગુલામયાસીન નૂરાની મિસ્બાહી**
(સદર મુદર્રિસીન : દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ)
**મૌલાના ઈમરાન રઝા મિસ્બાહી**
(મુદર્રિસ : દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ)

GRWB/059/Bharuch/02
**અંજુમને રઝાએ મુસ્તફા-દયાદરા**
C/o. ફયઝાને રઝા મંઝિલ, મુ.પો. દયાદરા–૩૯૨૦૨૦,
તા. જિ. ભરૂચ, ગુજરાત–ઈન્ડિયા
ફોન : (૦૨૬૪૨) ૨૮૦૦૧૧, ૯૪૨૭૪૬૪૪૧૧
Web. barkatekhwaja.net
Email : anjuman2006@hotmail.com

| | | |
|---|---|---|
| પ્રકાશન નં. : ૧૯૪ | આવૃત્તિ–૨ | પ્રત : ૪૫૦૦ |
| ૨૧–રમઝાનુલ મુબારક | હિ.સ. ૧૪૩૩ | ઓગસ્ટ–૨૦૧૨ |

પોસ્ટકાર્ડ લખી કે SMS કરી મફત મંગાવો !
94274 64411
નૂરાની
આર્ટ–દયાદરા



## અનુક્રમણિકા


| | |
|---|---|
| પ્રારંભિક વાત...... | 03 |
| પ્રથમ બેઠક | 06 |
| **બૅંકોમાં નોકરી શરીઅતની દષ્ટિએ** | 06 |
| **ફ્લેટોની ઝકાત** | 10 |
| બીજી–ચોથી બેઠક | 16 |
| **વર્તમાન સંજોગોમાં ''કફાઅત''નો મસ્અલો** | 16 |
| ઉચ્ચતા અને નીચતાનો આધાર | 20 |
| અરબ સિવાયના લોકોમાં કૌમિયતની બુનિયાદ | 21 |
| નિકાહ સંબંધનો મામલો | 21 |
| પાંચમી તથા છટ્ટી બેઠક | 26 |
| **ડી. એન. એ. (D.N.A.) ટેસ્ટ ઈસ્લામની દષ્ટિએ** | 26 |
| ડી. એન. એ. શુ છે ? | 26 |
| ડી. એન. એ. ટેસ્ટ તથા તેનો રિપોર્ટ શરીઅતની દષ્ટિએ | 27 |
| ઝિના (વ્યભિચાર), બળાત્કાર, કૃત્લ વગેરે અપરાધોની સાબિતી ડી. એન. એ.થી થઈ શકે છે ? | 30 |

بسم الله الرحمن الرحيم

نَحْمَدُهٗ وَ نُصَلِّی عَلٰی رَسُوْلِهِ الْکَرِیْمِ

# પ્રારંભિક વાત.......

મુસલમાન સાચો તે છે જે અલ્લાહ વ રસૂલ عَزَّوَجَلَّ وَصَلَّى اللهُ عَلَيْهِ وَسَلَّمَનો આજ્ઞાંકિત હોય. તેના જીવનના વહેણમાં બનતા પ્રસંગોમાં બલ્કે હર પલ તે જે પણ કાર્ય કરે તેના વિશે તેણે સતત ખયાલ રાખવો જોઈએ કે તેનું આ કાર્ય, તેનો આ અમલ અલ્લાહ વ રસૂલ عَزَّوَجَلَّ وَصَلَّى اللهُ عَلَيْهِ وَسَلَّمَના હુકમાનુસાર છે કે તેના વિરૂદ્ધ છે. મોમિન વિચારે કે તેનો ઉઠાવેલ કદમ અલ્લાહ વ રસૂલ عَزَّوَجَلَّ وَصَلَّى اللهُ عَلَيْهِ وَسَلَّمَની નારાઝગીનો સબબ તો નહીં બને ! તો તેની દુનિયા તથા આખેરત બંનેવ પુર સુકૂન રહેશે. ઈન્શાઅલ્લાહ !

સામાન્ય જીવન વ્યવહારના હુકમો તો શરીઅતના નિયમો દર્શાવતી કિતાબોમાં જેમ કે દુર્રે મુખ્તાર, રદ્દુલ મુહતાર, બહારે શરીઅત, કાનૂને શરીઅત, નિઝામે શરીઅત, જન્નતી ઝેવર તેમજ ફતાવાની કિતાબો : ફતાવા રઝવિય્યહ, ફતાવા મુફતીએ આ'ઝમ, ફતાવા ફૈઝુર્રસૂલ, ફતાવા અમજદિયા, મલ્ફૂઝાતે આ'લા હઝરત ઉપરાંત ઉલમાએ અહલે સુન્નતની અગણિત કિતાબોમાં મૌજૂદ છે. પણ સમયના વહેણની સાથે સાથે દુનિયામાં નિત નવી શોધો તથા અવનવા ધંધાઓ અને અર્વાચીન વિવિધ કામના તરીકાઓ અસ્તિત્વમાં આવતા હોય છે. તો એવા સંજોગોમાં માણસ ગુંચવણ અનુભવે છે કે આ સ્થિતિમાં અમારે શું કરવું ?!

અલ્હમ્દુલિલ્લાહ ! કુર્આન હદીષની રૂએ ઉલમાએ અહલે સુન્નતની કિતાબોમાં દરેક ચીજોનો હલ મૌજૂદ જ છે પણ એમાં મુહક્કિક ઉલમા તથા મુફતિયાને કિરામે તેહકીક કરીને, આગલા



બુઝુર્ગોના ઈલ્મના સમંદરોમાં ડૂબકીઓ લગાડીને ઈલ્મના મોતીઓ વણી લાવી તેને ગોઠવી મસ્અલાના હલનો હાર બનાવવો પડે છે. અને બ ફઝલિહી તઆલા એ કામ જે તે સમયે ભૂતકાળમાં આપણા પૂર્વજ ઉલમા તથા બુઝુર્ગોએ કર્યું હતું અને આજે પણ કરી રહ્યા છે. જેમ કે હવે "શરઈ કાઉઈન્સિલ ઓફ ઈન્ડિયા" બરેલી શરીફ તથા જામિઆ અશ્રફિયા મુબારકપુર (આઝમગઢ, યુ. પી.)ના સંચાલન હેઠળ કેટલાક સમયથી આવા જ નવિન મસાઈલના હલ માટે મુફતિયાને કિરામના એક મોટા સમૂહ સાથે ફિકહી સેમીનારો યોજાય રહ્યા છે જેમાં એ નવિન મસાઈલ પર મુફતિયાને કિરામ બહષો કરીને સર્વાનુમતે જે તે હલ નિશ્ચિત કરી અવામ સમક્ષ બહાર પાડે છે જેથી પબ્લિકની ઉલઝનો દૂર થાય છે.

પ્રસ્તુત પુસ્તિકામાં પણ એવી જ ચાર સમસ્યાઓનો હલ દારુલ ઉલૂમ અશ્રફિયા–મુબારકપુરના સંચાલન હેઠળ દારુલ ઉલૂમ અમજદિયા ભીવંડી–મહારાષ્ટ્ર ખાતે યોજાયેલ ૧૯ મા ફિકહી સેમીનારનું પરિણામ તથા તેના ફૈસલાઓ ગુજરાતી અનુવાદ કરીને રજૂ કર્યા છે. જેનાથી આપણા દીની ભાઈઓ બહેનો લાભ ઉઠાવી શકશે અને પોતાની ઉલઝનો દૂર કરી શકશે. ઈન્શાઅલ્લાહ !

રબ્બે કરીમ તેના પ્યારા હબીબ ﷺના સદકામાં ઉલમાએ અહલે સુન્નતને બેહતરીન જઝા આપે કે કેટલીય મહેનત અને તકલીફો વેઠી આ કામો તેઓ સુન્ની અવામ ભટકવાથી બચે અને ગુનાહના માર્ગે જવાથી બચે તથા નવિન મસાઈલમાં જે તે નિશ્ચિત થયેલ અમલ નિઃસંકોચ કરી શકે. અલ્લાહ તેઓની ઉમ્રમાં, ઈલ્મમાં બરકત આપે અને તેમને બંને દુનિયામાં આબાદ રાખે અને અવામે અહલે સુન્નતને તેમની કદર સમજવાની તથા તેમની તાઝીમની તૌફીક બખ્શે તથા તેમના સૂચવેલ હલ પ્રમાણે અમલ કરી શરીઅત મુજબ જીવન જીવવાની તૌફીક આપે. આમીન બિજાહિન્નબી કરીમ ﷺ

**–પટેલ શબ્બીર અલી રઝવી** *તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

*તારીખ : ૧૧/૮/૨૦૧૨, શનિવાર, ૨૧–રમઝાનુલ મુબારક, હિ.સ. ૧૪૩૩*

بسم الله الرحمن الرحيم

نَحْمَدُهٗ وَ نُصَلِّی عَلٰی رَسُوْلِهِ الْكَرِيْمِ

# ૧૯મા ફિક઼્હી સેમીનારના ફૈંસલા

૧૯મો ફિક઼્હી સેમીનાર દારુલ ઉલૂમ અશરફિયા મુબારકપુરના સંચાલન હેઠળ દારુલ ઉલૂમ અમજદિયા ભીવંડી, મહારાષ્ટ્રમાં યોજવામાં આવ્યો. જેમાં ત્રણ વિષયો ઉપર વિચાર વિમર્શ કરવામાં આવ્યો :–

૧. બૅંકોની નોકરી શરીઅતની દષ્ટિએ

૨. કુફૂ હોવાનો મસ્અલો વર્તમાનયુગની દષ્ટિએ

૩. ડી. એન. એ. ટેસ્ટ તથા તેના રિપોર્ટનું શરીઅતમાં શું સ્થાન છે ?

આ વિષયો ઉપર છ બેઠકોમાં બહષો થઈ અને અલ્હમ્દુલિલ્લાહ ! તમામ શરીકોની સહમતિથી ફૈંસલાઓ કરવામાં આવ્યા.

૪. એક મસ્અલો ''ફલેટોની ઝકાત'' ઉપર ગત (ગયા વર્ષે યોજાયેલ) સેમીનારમાં બહષ થઈ હતી. આ સેમીનારમાં તે મસ્અલો પણ રજૂ કરવામાં આવ્યો અને થોડીકવારની બહષ બાદ તેના ફૈંસલા ઉપર પણ તમામની સહમતિ થઈ ગઈ. અહીંયાં ક્રમવાર તમામ ફૈંસલાઓ રજૂ કરવામાં આવે છે.





## :: પ્રથમ બેઠક ::

*(૧૮ સફર હિ.સ. ૧૪૩૩, અંગ્રેજી તારીખ : ૧૪ જાન્યુઆરી, શનિવાર, ઈ.સ. ૨૦૧૨)*

## બૅંકોમાં નોકરી શરીઅતની દષ્ટિએ

બૅંકોમાં નોકરી કરવી શરીઅતની દષ્ટિએ કેવી છે ? તેના વિશે હુકમની સ્પષ્ટતા પહેલાં એ જાણવું જરૂરી છે કે બૅંકોમાં કયા કયા કાર્યો અંજામ આપવામાં આવે છે. અમુક વાતો સવાલનામામાં રજૂ કરી દેવામાં આવી હતી. એક સ્થિતિ ''કરજની (લોનની) સુવિધા વધારાની રકમ સાથે પરત કરવાની શરતે.'' પણ રજૂ કરવામાં આવી હતી. જેના અનુસંધાનમાં મક઼ાલા (લેખો) લખવામાં આવ્યા તેમજ દલીલો તથા દષ્ટાંતોનો ખુલાસો આજની બેઠકમાં રજૂ કરવામાં આવ્યો. અને બૅંકના એક રિટાયર્ડ ઓફિસર જનાબ ઝિયાઉદ્દીન મનિયારે (રહેવાસી : નાસિક–મહારાષ્ટ્ર) રજૂ કરેલ મા'લૂમાત તેમજ સંબંધિત કાર્યો સામે આવ્યાં જે આ પ્રમાણે છે :

બૅંકના કર્મચારીઓ : (૧) મેનેજર (૨) એકાઉન્ટન્ટ (૩) ઓફિસર (૪) હેડ કેશિયર (૫) કેશિયર (૬) કલાર્ક (૭) પટાવાળા (૮) વોચમેન

**મેનેજર** : બૅંક સંબંધિત સર્વ મામલાઓ તેમજ સ્ટાફના કાર્યોનો જવાબદાર હોય છે.

**એકાઉન્ટન્ટ** : મેનેજરના હેઠળ હોય છે. અને ઓફિસરો કલાર્કો દ્વારા કામ લેવામાં તેમજ તેમના કામોની તપાસ, સુધારણા કરવી, કરાવવી જેવાં કાર્યોના માટે જવાબદાર હોય છે.

**ઓફિસરો** : કેટલાયે પ્રકારના હોય છે. લોન ઓફિસર, સેવિંગ ઓફિસર, કરંટ ઓફિસર, ડિપોઝિટ ઓફિસર, બિલ્સ ઓફિસર.

ત્યાર બાદ દરેક ઓફિસરના હાથ નીચે એક અથવા તેનાથી વધુ કલાર્કો હોય છે જેઓ પોતાના સંબંધિત જવાદારીઓ અંજામ આપે છે. ઓફિસરો અથવા કલાર્કોમાંથી કોઈ ગેર હાજર હોય તો તેનું કામ કોઈ અન્ય ઓફિસર અથવા કલાર્ક દ્વારા લેવામાં આવે છે.

હેડ કેશિયરનું કામ કેશ ઉપર સંપૂર્ણ કંટ્રોલ ધરાવવો તેમજ પબ્લિકને પેમેન્ટ (રકમ ચૂકવણી) આપવું છે. તેની સ્થિતિ બેંકના દિલની જેમ હોય છે અને આખી બેંક એક રીતે તેના હાથમાં હોય છે.

પટાવાળાઓ પણ કેટલાયે પ્રકારના હોય છે. ઓફિસરો અથવા કલાર્કોની સૂચના મુજબ નાનાં નાનાં કાર્યો અંજામ આપે છે.

આ વિગતવાર જાણકારીના આધારે કરજ આપવું તેમજ વધારાની રકમ સાથે મૂળ કરજની વસૂલી કરવાની જવાબદારી : (૧) મેનેજર (૨) એકાઉન્ટન્ટ (૩) લોન ઓફિસર (૪) લોન કલાર્કની હોય છે.

પરંતુ બેંકોમાં માત્ર આ જ કામ નથી થતું, બીજાં અગત્યનાં કામો પણ થાય છે.

(૧) લગભગ લોકો એ વિચારીને બેંક સાથે સંબંધ રાખે છે કે પોતાની પુંજી બેંકની હિફાઝતમાં રાખે અને પોતાની પાસે રાખવામાં જે ખતરાઓનો ભય છે તેનાથી સુરક્ષિત રહે. અને જરૂરત પ્રમાણે પોતાની પુંજી બેંકથી લઈને પોતાની જરૂરતોમાં ઉપયોગ કરે. બેંક આ પુંજીઓની સુરક્ષા તેમજ જરૂરત પ્રમાણે માગણી મુજબ (તે પુંજીને) પરત કરવાની જવાબદાર હોય છે. અને તેની ગતિવિધિમાં મેનેજર, ઓફિસર, કલાર્ક વગેરે બધાને જ લાગવું પડે છે.

(૨) બેંકમાં જમા થયેલ રકમને ફાયદાકારક તિજારત





(વ્યાપાર)માં પણ ઈન્વેસ્ટ કરે છે અને તેનાથી સંબંધિત બાબતોને પોતાના કર્મચારીઓ દ્વારા પૂરી પડાવે છે.

(૩) પેમેન્ટ તેમજ પુંજીની સુરક્ષા પેટે ભાડુ પણ વસૂલ કરવામાં આવે છે. સ્પષ્ટ છે કે ઉપરોક્ત ત્રણેવ કામો જાઈઝ છે. ખાસ કરીને નંબર એક (૧)માં વર્ણવેલ કામમાં પ્રજાને એક મોટો લાભ તથા તેમની જબરદસ્ત સહાયતા છે. જેથી આ ત્રણેવ (કામોથી) બાબતોથી સંબંધિત નોકરી પણ વિના કોઈ સંકોચે જાઈઝ છે.

હવે રહી વાત એ કે મુસ્લિમો બેંક પાસેથી કરજ (લોન) લે છે અને તેની સાથે સાથે મૂળ કરજ (લોન)ની રકમ સિવાય શરત મુજબ વધારાની રકમ પણ તેમને અદા કરવી પડે છે. મેનેજર, એકાઉન્ટન્ટ, લોન ઓફિસર, લોન કલાર્ક બધા જ આ બાબતમાં સહાયક તથા કાર્યરત હોય છે. જેથી બેંક સંબંધિત માત્ર આ જ બાબત (સ્થિતિ) વિચારવા પાત્ર તથા બહષનું કેન્દ્ર છે.

પરંતુ આ પ્રકારના કરજ (લોન)ની તમામ સ્થિતિઓ હરામ નથી બલ્કે અમુક સ્થિતિઓ મુબાહ (જાઈઝ) પણ છે, જેની વિગત આ પ્રમાણે છે :–

**(૧)** મુસલમાન ઈન્કમટેક્ષના ભારે નુકસાનથી બચવા માટે આ પ્રકારનું કરજ (લોન) લે અને તેને મર્યાદિત મુદ્દતમાં અદા કરી આપે જેથી ઈન્ટરેસ્ટ ઈન્કમટેક્ષ કરતાં ઓછુ રહે.

**(૨)** છૂટ (રિઆયત)ની શરત પર લેવામાં આવતી લોનો, જ્યારે કે વાજિબુલ અદા લોનને (જે લોનને અદા કરવું જરૂરી હોય છે તેને) અદા કરવામાં એટલીવાર ન લગાડે કે ઈન્ટરેસ્ટ વધીને મૂળ લોનની રકમ અથવા છૂટની માત્રા કરતા વધી જાય.

**(૩)** એવા કામ માટે બેંક પાસેથી લોન લેવી જેમાં ઈન્ટરેસ્ટ કરતાં વધારે નફાનું ગુમાન વધારે હોય.

**(૪)** સખત જરૂરતના કારણે જરૂરત મુજબ જ લોન લે અને ગાલિબ ગુમાન (વધારે ગુમાન) હોય કે તે જરૂર લોન અદા કરી આપશે.

**(૫)** આ પ્રકારનું કરજ (લોન) બેંક પાસેથી ગૈર મુસ્લિમ પ્રાપ્ત કરે અને કર્મચારીઓ તેના કાગળો તથા દસ્તાવેજો તૈયાર કરે.

આ વિષયમાં એક સ્પષ્ટ વાત એ છે કે બેંક કર્મચારી લોન લેનાર પાસેથી લોન લેવાનો હેતુ તથા તેનું કારણ જાણવા અંગેના જવાબદાર નથી હોતા. (અને તેઓ તેનાથી મતલબ પણ ન રાખે) બેંક કર્મચારી એ જુએ છે કે લોન લેનારને લોન આપવાની પરવાનગી બેંક તરફથી છે તો તે તેના કાગળોને સંપૂર્ણ કરીને મામલો ક્લિયર કરી આપે છે. તેને એ વાતથી કોઈ લેવા દેવા નથી હોતી કે લોન લેનાર પોતાની લોન પ્રાપ્તિમાં કોઈ ગુનાહિત કાર્યમાં સપડાયેલ છે કે નહીં ! જેથી ગુનાહ પર મદદ કરવી તેના વહેમ તથા ખયાલથી ઘણા દૂર હોય છે. એટલા માટે લોન બાબતની ગતિવિધિમાં તેને (કર્મચારીને) ગુનેહગાર નથી ઠરાવી શક્તા.

હા ! જે લોકો જાઈઝ હોવાની સ્થિતિઓ સિવાય વધારે નફો આપવાની શરત પર કરજ (લોન) લે છે તો તેમણે તેનાથી બચવું જરૂરી છે.

ઉપરોક્ત વિસ્તૃત વર્ણનથી જાણવા મળ્યું કે બેંકના કેટલાયે બલ્કે લગભગ કામો સ્પષ્ટ રીતે જાઈઝ તથા દુરુસ્ત છે. હા ! કરજની (લોનની) સ્થિતિ વિચારપાત્ર હતી જેને પણ વિગતવાર વર્ણન કરી આપવામાં આવી. તેની જ સાથે મુસલમાનોનું બેંકોમાં નોકરી અર્થે જોઈન્ટ થવાથી જાતે પોતે તે નોકરીયાતને, તેના સંબંધીઓને





તેમજ બીજા અન્ય લોકોને ફાયદો તથા સહૂલત પણ છે. જેથી હુકમ એ છે કે ઉપરોક્ત વિગતવાર રજૂ કરવામાં આવેલ સ્થિતિઓમાં બેંકોની નોકરી જાઈઝ છે.

અલ્લાહ તઆલા તથા તેના પ્યારા હબીબ ﷺ વધારે જાણનાર છે.

## ફલેટોની ઝકાત

મોટા મોટા શહેરોમાં સામાન્યતઃ સરળતાથી જમીન પ્રાપ્ત નથી થતી અને મકાનોના બાંધકામમાં કેટલીયે મુશ્કેલીઓ આડે આવે છે. બિલ્ડરો દ્વારા ફલેટોની લે વેચનો રિવાજ ઘણો પ્રસિદ્ધ થઈ ગયો છે. આ બિલ્ડરો ક્યારેક તો એવી જમીનો ખરીદી લે છે જે પહેલાંથી ભાડૂઆતોના કબજામાં હોય છે. અને વરસો વરસ સુધી પણ તેઓ જમીનને તેમના કબજામાંથી નથી છોડાવી શક્તા. માંડ માંડ જમીન ખાલી થાય છે તો તેના ઉપર ફલેટોનું કામ શરૂ થઈ જાય છે અને લગભગ બે ત્રણ વરસમાં તે સંપૂર્ણ રીતે તૈયાર થાય છે :–

- ★ સંપૂર્ણપણે તૈયાર થયેલા ફલેટોને વધુ પડતા બિલ્ડરો વેચી દે છે અને તેની રકમ (કિંમત) હફતારૂપે વસૂલ કરતા રહે છે.
- ★ અમુક બિલ્ડરો એવું નક્કી કરે છે કે ફલેટોને વેચશે નહીં, ભાડેથી આપીને આવક પ્રાપ્ત કરશે.
- ★ અમુક બિલ્ડરો આવો કોઈ ફૈંસલો નથી કરતા બલ્કે પાછળથી તેમની ઈચ્છા એ થઈ જાય છે કે તેઓ ભાડેથી ફલેટ ઉઠાવી આપશે.

આવી જમીન તથા ફલેટોની ઝકાતનો મસ્અલો કેટલીયે પરિસ્થિતિઓમાં સફાઈ તથા સ્પષ્ટતા પાત્ર હતો, જેથી નીચે

મુજબના સવાલો ચર્ચાનું કેન્દ્ર બન્યા :–

**સવાલ નં. ૧** : વરસો વરસ સુધી જમીન ભાડુઆતોના કબ્જામાં રહી તો ખરીદનાર બિલ્ડરના માથે એટલા વરસો સુધીના ભાડાની ઝકાત વાજિબ થશે અથવા જમીનની અથવા બંનેની ?

**સવાલ નં.૨** : જે બિલ્ડર એ નક્કી કરી લે કે ફ્લેટોને વેચશે નહીં બલ્કે તે ફ્લેટોને ભાડેથી આપશે તો શું તે ઝકાત ભાડાની આપે કે ફ્લેટોની ?

**સવાલ નં.૩** : જે બિલ્ડરે પહેલાં કોઈ ફૅંસલો ન કર્યો, પરંતુ તેનો ઈરાદો એ હોય કે ફ્લેટોને ભાડેથી આપી દેશે ત્યાર બાદ ઈરાદા મુજબ તેને ભાડેથી આપી દે તો તે ઝકાત કઈ ચીજની આપશે ? ફ્લેટોની કિંમતની કે ભાડાની ? જો ભાડાની ઝકાત આપે તો તે તાત્કાલિક અદા કરે અથવા ભાડાની રકમ હાથમાં આપ્યા પછીથી લઈને વરસ પસાર થાય ત્યારે આપે ?

વિષયના તમામ પાસાંઓને ધ્યાનમાં રાખી બહષો કરવામાં આવી. અને આમંત્રિત તમામ ઓલમાએ કિરામની સહમતિથી તમામ સ્થિતિઓના ફૅંસલા થઈ ગયા, જે નીચે મુજબ છે :–

**જવાબ નં. ૧** : પહેલા સવાલના જવાબમાં એ ફૅંસલો થયો કે ઝકાત ભાડા ઉપર લાગુ પડશે. (શરતો મુજબ) અને વરસ પસાર થવાની મુદ્દતની શરૂઆત જમીનનો માલિક બનવાના સમયથી ગણવામાં આવશે. કેમ કે આ જમીન માલે તિજારત (વ્યાપારના હેતુનો માલ) છે જે ભાડેથી આપેલ છે જેમાં ભાડાનું સ્થાન વેપારના માલની મૂળ કિંમતનું (જેવું) હોય છે. તો જેવી રીતે ઝકાત મૂળ કિંમત ઉપર વાજિબ થાય છે અને વરસ પસાર થવાની શરતની મુદ્દત વેપારના માલના માલિક બનવાના સમયથી ગણવામાં આવશે, તે જ પ્રમાણે આ સ્થિતિમાં ઝકાત ભાડા





(કિરાયા)ની વાજિબ થશે અને વરસ પસાર થયાની મુદ્દતનો લેહાઝ તિજારતી જમીન (વ્યાપાર અર્થે લીધેલી જમીન)ના માલિક બનવાના સમયથી ગણવામાં આવશે.

ફતાવા ખાનિયામાં છે :–

જયારે કોઈ પોતાનું ઘર અથવા પોતાનો ગુલામ બસો દિરહમમાં ભાડેથી આપે તો રકમ હાથમાં આવ્યા બાદ વરસ વિત્યા પછી ઝકાત વાજિબ થશે. ઈમામ અબૂ હનીફા رحمۃ اللہ علیہના કૌલ મુજબ, અને જો ઘર અથવા ગુલામ વ્યાપાર માટે હોય અને ચાલીસ દિરહમ હાથમાં આવી જાય (ભાડા પેટે), વરસ વિત્યા પછી તેના પર એક દિરહમ ઝકાત વાજિબ થશે.

કેમ કે વેપારનું મકાન તથા ગુલામનું ભાડુ વ્યાપારના માલની મૂળ કિંમતની જેમ હોય છે સહીહ રિવાયતમાં. *(ફતાવા ક઼ાઝીખાં, પેજ : ૨૫૩/૧)*

અહીંયાં એક સવાલ એ ઊભો થયો કે જ્યાં સુધી જમીન, મકાન ભાડૂઆતના કબ્જામાં હોય છે, ત્યાં સુધી ભાડૂઆતની મરજી વિરુદ્ધ ખરીદાર તે જમીન અથવા મકાન ઉપર કબ્જો નથી પામી શકતો જેથી આ એક કબ્જો ન પામી શકાય તેવી વસ્તુની લે વેચ છે, જે જાઈઝ નથી. તો પછી જમીનની કિંમત અથવા તેના ભાડાની રકમ ઉપર ઝકાત કેમ કરીને લાગુ પડશે ?!

તેના જવાબમાં કહેવામાં આવ્યું કે ભારત ગવર્નમેન્ટના નિયમ મુજબ સ્વીકૃત (ભાડા સંબંધી) નિયમોના આધારે રજીસ્ટ્રેશન કર્યા બાદ ક઼ાનૂની રીતે ખરીદારને જમીન ખાલી કરાવવાનો અધિકાર પ્રાપ્ત છે, ભલે ભાડૂઆત તેને ખાલી કરવા પર રાજી ન થાય. જેવી રીતે કબ્જામાં લઈ શકાય તેવી વસ્તુની લે વેચ કહેવાશે જે જાઈઝ તથા દુરૂસ્ત છે.

ફતાવા રઝવિય્યહ્‌માં છે કે :–

''અમ્રએ જે સમયે ખાલિદના હાથે વેચાણ કર્યું જે અમ્ર તે સમયે શરઈ આદિલ ગવાહો ધરાવતો હોય એ વાત પર કે આ મકાન મારી માલિકીનું છે, બક્ર તથા બકરને વેચનાર વ્યક્તિ હડપ કરનાર (ધોકાથી પચાવી પાડનાર) છે, જ્યારે તે અમ્રનું ખાલિદના હાથે વેચાણ કરવું સહીહ તથા તે લે વેચ સંપૂર્ણ ગણવામાં આવશે. મકાન ખાલિદની માલિકીનું થઈ જશે. ખાલિદનો દાવો સાચો છે. આદિલ ગવાહોના કારણે અમ્રને કબ્જો કરવાની શક્તિ પ્રાપ્ત હતી અને બસ આટલું જ પૂરતું છે, લે વેચની સંપૂર્ણતા માટે. હક઼ીક઼તમાં અત્યારે કબ્જો આપવા ઉપર શક્તિમાન હોવું (કબ્જો આપવાની શક્તિ ધરાવવું) કોઈના નજીક પણ જરૂરી નથી.

એક ગુલામને કોઈ કામ માટે હજાર કિલોમીટર સુધી મોકલ્યો, અને અહીંયાં તેને વેચી આપ્યો તો આ લે વેચ સહીહ કહેવાશે, કેમ કે આદત (નિયમ) મુજબ ગુલામના પાછા આવવાની શક્યતા છે ભલે ને ભાગી જવાનો તથા દગો કરવાનો પણ ભય છે. પાછા ફરવાની ઉમ્મીદ છે તો એક જાણે કે કબ્જો આપવાની શક્તિ એક રીતે પ્રાપ્ત છે. *(ફતાવા રઝવિય્યહ્‌, ભાગ : ૭, પેજ : ૧, ૨)*

ચર્ચા દરમિયાન એ વાત પણ સામે આવી કે બિલ્ડરે વેપારની નિય્યતથી ઉશ્રી (ઉશ્રવાળી, ખેતીવાળી) અથવા ટેક્ષવાળી જમીનની ખરીદી કરી તો શું તેના ઉપર ક્રમ મુજબ ઉશ્ર તથા ટેક્ષ વાજિબ થશે અથવા વેપારની ઝકાત અથવા બંનેની ઝકાત ?

તેના જવાબમાં એ નક્કી થયું કે જ્યારે બિલ્ડરે તે જમીનને વેપારની નિય્યતથી ખરીદી છે તો તેના પર વેપારની ઝકાત વાજિબ થશે, કેમ કે તે માલે તિજારત (વેપારનો માલ) છે. હા ! જો ઉશ્રવાળ ી જમીન ખરીદી અને તેમાં ખેતી કરી તો તેના પર માત્ર ઉશ્ર વાજિબ થશે, ઝકાત વાજિબ નહીં થાય. કેમ કે એક માલથી





સંબંધિત શરીઅતના બે હક્ક઼ો એક સાથે લાગુ નથી પડી શક્તા. અને જો ખેતી ન કરી તો જેમ કે ખરીદતી વખતે વેપારની નિય્યત હતી જેથી આ સ્થિતિમાં તેના પર વેપારની ઝકાત વાજિબ થશે.

એ જ પ્રમાણે ઈનાયા શરહે હિદાયા, દુર્રે મુખ્તાર તેમજ રદ્દુલ મુહતારમાં છે કે કોઈ ઉશ્રવાળી અથવા ટેક્ષવાળી જમીન વેપારના મક઼સદથી ખરીદે તો તેના ઉપર ઉશ્ર અથવા ટેક્ષની સાથે વેપારની ઝકાત વાજિબ નહીં થાય આપણા મઝહબમાં. કેમ કે સ્થાન એક છે અને બંનેમાંથી દરેક જમીનના પ્રકારમાંથી છે. અને દરેકની સાથે અલ્લાહ તઆલાનો એક હક્ક઼ જોડાયેલ છે. તો એક માલની માલિકીના કારણે અલ્લાહ તબારક વ તઆલાના બે હક્ક઼ો તેની સાથે જોડાય શકતા નથી.

**જવાબ નં. ૨** : બીજા સવાલના જવાબમાં એ નક્કી થયું કે બિલ્ડરે જ્યારે નક્કી કરી નાખ્યું કે તે ફલેટને વેચશે નહીં, ભાડેથી આપશે, તો તે બિલ્ડીંગ વેપારનો માલ ગણાશે નહીં, બલ્કે તેની નિય્યતના આધારે તે કમાણીનું સાધન બની ગઈ જેથી બિલ્ડીંગ પર ઝકાત વાજિબ થશે નહીં. હા ! જ્યારે તે ફલેટોને ભાડેથી આપી દેશે અને ભાડાની આવક (રકમ) સાડા બાવન તોલા (૬૬૩ ગ્રામ, ૧૮૪ મિલિ ગ્રામ) ચાંદીની કિંમતના બરાબર પ્રાપ્ત થઈ જાય. અથવા અન્ય માલો જેમ કે સોનું, ચાંદી, રૂપિયા વગેરેની સાથે મળીને (ઝકાતની માત્રા સુધી) પહોંચી જાય અને તે માલ હાજતે અસલીયાથી સિવાય હોય અને તેના પર વરસ પસાર થઈ જાય તો ભાડાની આવક પર ઝકાત આપવી વાજિબ થશે. અલ્લાહ તથા તેના રસૂલ વધારે જાણનાર છે. ફતાવા તાતાર ખાનિયામાં છે કે, ''કોઈ વ્યક્તિએ બાંદી વેપાર માટે ખરીદી અને પછી ખિદમત લેવાની નિય્યત કરી તેના પરથી ઝકાત ઉઠી જશે.

એ જ પ્રમાણે ફતાવા હિંદિયા આલમગીરીમાં તેમજ ફતાવા

રઝવિય્યહ્માં છે : તે માલનું હાજતે અસલિયાની સિવાય હોવું જરૂરી છે, જેથી રહેવા માટેના મકાનમાં ઝકાત નથી. એ જ પ્રમાણે કમાણીના આધાર બનતા સાધનોમાં પણ લાગુ નહીં પડે. મકાનો પર ઝકાત નથી ભલે ને તે પચાસ કરોડનાં હોય, વરસ વિત્યા પછી ભાડા પર ઝકાત લાગુ પડશે જો તે માલ પોતે નિસાબ સુધી પહોંચે અથવા બીજા માલની સાથે મળીને નિસાબ સુધી પહોંચી જાય. *(ભાગ : ૪, પેજ : ૪૨૮)*

**જવાબ નં. ૩** : ત્રીજો સવાલ એ હતો કે બિલ્ડરે જમીન વેપારની નિય્યતથી ખરીદી અને પછી ભાડે આપી પરંતુ તેની ઈચ્છા ભાડા પેટે આપી રાખવાની નથી. તો તેનો હુકમ તે જ છે જે પહેલા સવાલનો છે. કેમ કે જમીન વેપારનો માલ છે અને ભાડેથી આપવાના કારણે તે કમાણીના સધાનની જેમ નહીં કહેવાય, બલ્કે તેનું ભાડુ તેની (જમીનની) મૂળ કિંમતના દરજા કહેવાશે, જેથી ઝકાત તે જ ભાડાની વાજિબ થશે અને ઝકાતના વરસની ગણતરી તે જમીનના માલિક બનવાના સમયથી ગણવામાં આવશે. તેની દલીલ ફતાવા ખાનિયાનું આ લખાણ છે : "કેમ કે તિજારત (વેપાર)ના મકાનનું ભાડુ માલે તિજારત (વેપારના માલ)ની મૂળ કિંમતના દરજામાં છે." અલ્લાહ તથા તેના રસૂલ બેહતર જાણનાર છે.





## :: બીજી-ચોથી બેઠક ::

*(૧૯–૨૦ સફર હિ.સ. ૧૪૩૩, ૧૪–૧૫ જાન્યુ. ઈ.સ. ૨૦૧૨, વાર : શનિ–રવિ)*

## વર્તમાન સંજોગોમાં "કફાઅત"નો મસ્અલો

**(કફાઅત એટલે નિકાહમાં બંને પક્ષની બરાબરી)**

અલ્લાહ તબારક વ તઆલાના નજીક સૌથી વધુ ઈજ્જતવાળો અને શરીફ એ છે જે સૌથી અધિક તક્વાવાળો હોય ભલે તે કોઈપણ વંશ કે જાતિથી સંબંધ ધરાવતો હોય, અને વિવિધ ખાનદાનો તથા જાતિઓમાં મનુષ્યોની વહેંચણી માત્ર આપસમાં ફરક તથા ઓળખ માટે છે. અલ્લાહ તબારક વ તઆલા ઈર્શાદ ફર્માવે છે :–

"હે લોકો ! અમે તમને એક પુરૂષ અને એક સ્ત્રીથી પેદા કર્યા અને તમને શાખાઓ અને કબીલા બનાવ્યા કે જેથી પરસ્પર ઓળખાણ ધરાવો. બેશક ! અલ્લાહને ત્યાં તમારામાં સૌથી વધુ ઈજ્જતવાળા તે છે જે તમારામાં સૌથી અધિક પરહેઝગાર છે. બેશક ! અલ્લાહ જાણનાર, ખબરદાર છે." *(સૂરએ હુજુરાત, આયત :૧૩)*

આ'લા હઝરત ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہ ફર્માવે છે : "તેહકીક એ છે કે નજાતનો આધાર તક્વા પર છે માટે કેવળ તક્વો પૂરતો છે ભલે વંશિય ઉચ્ચતા અને ઉલૂમમાં પૂર્ણતા ન હોય અને કેવળ શરીફુલ કૌમ (ઉચ્ચ વંશવાળો) અથવા મુલ્લા સાહબ કહેવડાવવું પૂરતુ નથી જ્યારે કે તક્વો સહેજ ન હોય." હદીષ : "જેનો અમલ સુસ્ત હોય તેને તેનો નસબ તેજ નથી કરી શકતો"નો આ જ અર્થ છે. એ મતલબ નથી કે નસબની ફઝીલત શરીઅતની

રૂએ સદંતર બાતિલ છે. બલ્કે શરીઅતે મુતહ્હરાએ વિવિધ હુકમોમાં નસબના ફર્કને આધારિત રાખ્યો છે. અને પાક વંશ તથા પવિત્ર નસબથી સંબંધિત હોવું જરૂર આખેરતમાં પણ નફો આપનાર છે." *(ઈરાદતુલ અદબ લિફાઝિલિન્નસબ, પેજ : ૪)*

"હા ! નસબ (વંશ) પર ઘમંડ કરવો જાઈઝ નથી, **વંશના કારણે પોતાને મોટો સમજી અભિમાન કરવું જાઈઝ નથી, બીજાઓના નસબ પર ટોણા મારવાં જાઈઝ નથી,** એમને નીચા વંશવાળા હોવાના કારણે નીચ જાણવા જાઈઝ નથી. નસબને કોઈના હક્કમાં શરમરૂપ અથવા ગાળ સમજવું જાઈઝ નથી. એના કારણે કોઈ મુસલમાનનું દિલ દુઃખાવવું જાઈઝ નથી. આ પ્રકરણમાં જે હદીષો આવે છે એનો આ જ અર્થ છે." *(ઈરાદતુલ્ અદબ લિફાઝિલન્નસબ, પેજ : ૧૩)*

આખેરતમાં ઈજ્જત અને સરબુલંદીનો આધાર ઈમાન, ઈલ્મ અને તક્વા પર છે. ઈસ્લામી દષ્ટિએ દુનિયામાં પણ મુસલમાનોએ ઈમાન, ઈલ્મ અને તક્વાને જ ઈજ્જત અને શરાફતનો આધાર બનાવવો જોઈએ. મુસ્લિમ સમાજમાં ઉપરોક્ત બાબતોને બિલ્કુલ ફગાવી તો ન દેવામાં આવી પરંતુ સંપૂર્ણ રીતે બાકી પણ ન રાખવામાં આવી. દરેક જમાનામાં લોકો ખાનદાન, નસબ, માલો દૌલત, વ્યવસાય તથા દુનિયાવી માન મોભાથી પણ પ્રભાવિત થતા રહ્યા અને ઘણી બાબતોમાં આ વાતોનો લેહાઝ રાખતા. એ બાબતોમાંથી એક બાબત નિકાહ પણ છે. લોકો પોતાની દીકરીઓના નિકાહ કરવા માટે એવા યુવાનોને પસંદ કરતા જે દરેક રીતે એમના બરાબર હોય. જો આવું ન કરવામાં આવતું તો તે યુવતીને જીવન વિતાવવું મુશ્કેલ થઈ જતુ અને તેના ઘરવાળાઓ માટે શરમજનક અને સમાજ તરફથી ટીકા ટીપ્પણનું કારણ બનતુ.





હક઼ીક઼તમાં ઈન્સાનો દરમિયાન જે નિકાહનો સંબંધ સ્થાપિત થાય છે તે થોડા સમય માટે નથી હોતો બલ્કે સંપૂર્ણ જીવનનો સાથ, ન કેવળ બે ઈન્સાનો સાથે, બલ્કે બે ખાનદાનોનો સંબંધ, એક નેક નસ્લની વિલાદત (પેદાઈશ), તા'લીમો તર્બિયત અને એક સારા સમાજનું ઘડતર તેનો હેતુ હોય છે. માટે ઈસ્લામી શરીઅતે પણ એ તમામ બાબતોને ધ્યાનમાં રાખી છે જે આ દુનિયવી સફરની કામયાબીમાં મદદરૂપ અથવા હાનિકારક હોય છે. કારણ કે પરસ્પર નારાઝગીની સાથે એક લાંબો સફર ન કેવળ કઠિન હોય છે બલ્કે સ્વભાવિક રીતે તેનો અંત નિષ્ફળતા અને જુદાઈ પર થાય છે.

હવે એ જોવાનું છે કે કઈ કઈ બાબતોમાં સમાનતા તથા કફાઅતનો લેહાઝ કરવામાં આવ્યો છે અને કેટલી હદે, અને તે પણ લોકોના ઉર્ફ પર આધારિત છે. ઉર્ફ બદલાય જાય તો હુકમ પણ બદલાય જશે. હા ! દીન અને **અક઼ીદાનું દુરુસ્ત હોવું નિકાહ સહી થવા માટે અત્યંત જરૂરી છે. સહીહુલ અક઼ીદાનો નિકાહ કોઈ બદ્ અક઼ીદા સાથે હરગિઝ નથી થઈ શકતો.**

જે બાબતોનો કફાઅતમાં લિહાઝ કરવામાં આવ્યો છે તે આ પ્રમાણે છે : (૧) નસબ (૨) દીનદારી અને તક્વો (૩) માલો દૌલત (૪) પૈદાઈશી મુસલમાન અથવા નવ મુસ્લિમ હોવું (૫) વ્યવસાય.

**(૧)** નસબનો એ'તેબાર એ લોકોમાં છે જેમનો નસબ સુરક્ષિત છે ભલે તે અરબ હોય અથવા એ સિવાય. સામાન્યતઃ અરબ સિવાયના લોકોનો નસબ સુરક્ષિત નથી, જેમ કે ફુક઼હાએ કિરામે તેનો ઉલ્લેખ કર્યો છે, માટે એમનામાં નસબનો એ'તેબાર પણ નથી. હા ! એમનામાં જાતિનો એ'તેબાર થાય છે, જેની વિગત આગળ આવશે.

**(૨)** દીનદારીનો એ'તેબાર છે અને હોવો પણ જોઈએ, એટલા માટે કે એક નેક અને પરહેઝગાર માટે પોતાની દીકરી કોઈ ફાસિક, ગૈર દીનદારના નિકાહમાં આપવી લાજ અને શરમનું કારણ બને છે. પરંતુ આ વિશે હવે માહોલ બદલાય ગયો છે. હવે ફિસ્કો ફુજૂરની અધિક્તા અને દીનથી દૂરી વધતી જઈ રહી છે, સ્ત્રી, પુરૂષ સૌ આ બુરાઈમાં સપડાયેલા છે. માટે હવે નેક લોકોને પણ ફાસિકો સાથે સંબંધ કરવા પડે છે અને એને બુરું સમજવામાં નથી આવતુ. પરંતુ દીનદાર લોકોએ બને ત્યાં સુધી આ વાતનો લેહાઝ રાખવો જોઈએ અને જે ખાનદાન કે વ્યક્તિ દીનથી બેપરવા હોય એનાથી બચવું જોઈએ, નહીં તો દીનથી દૂરી અને બેપરવાઈનાં પરિણામો ઘણા જ ભયંકર અને હાનિકારક હોય છે.

**(૩)** માલો દૌલતનો એ'તેબાર માત્ર એટલી જ હદ સુધી છે કે પુરૂષ ભિખારી અથવા ઘરબાર વિનાનો ન હોય. ઈજ્જત સાથે ખાતો પીતો હોય, મહેરે મિષ્લ (તે સમય અને સ્થળમાં ચાલતુ મહેર) અને ભરણ પોષણ આપવા સમર્થ હોય.

**(૪)** પૈદાઈશી મુસલમાન પોતાની દીકરીઓના નિકાહ કોઈ નવ મુસ્લિમ સાથે કરવાને શરમજનક સમજે છે પરંતુ આની અસર ઈસ્લામ સ્વીકારવા પર પડી શકે છે, કારણ કે નવ મુસ્લિમને પોતાનો અથવા પોતાની ઔલાદનો રિશ્તો મુસલમાનોમાં ન મળે તો તે પોતાના આગલા ધર્મમાં ફરી ચાલ્યો જાય એની સંભાવના રહે છે. અથવા કોઈ ગૈર મુસ્લિમ જે ઈસ્લામ સ્વીકારવા ઈચ્છતો હોય તે આવી સ્થિતિ જોઈ ઈસ્લામ સ્વીકારવા તૈયાર નહીં થાય. માટે જરૂરી છે કે જે પણ સાચા દિલથી ઈમાન લાવે તેનું સન્માન કરવામાં આવે તથા તેના અને તેની ઔલાદના રિશ્તા માટે યોગ્ય જોગવાઈ કરવી જોઈએ અને તેને મુસ્લિમ સમાજમાં માન મોભો





આપવો જોઈએ.

**(૫)** વ્યવસાય ત્રણ પ્રકારના હોય છે : ૧. **હરામ :** જેમ કે ચોરી, ડાકૂગીરી, દેહવ્યાપાર, દારૂનો વ્યાપાર, લાંચ લેવી વગેરે. ૨. **ખસીસ :** જેમ કે ટોઈલેટ, તેના ખાડા, ગંદા નાળાં વગેરે સાફ કરવાં, મુરદાર જાનવરોનાં ચામડાં સૂકવવાં, તેમાં મીઠુ ભરવું વગેરે. એવાં કામો જેમાં નાપાક અથવા ધૃણાસ્પદ વસ્તુઓથી શરીર કે કપડાં ખરડાય, સામાન્યતઃ આવાં કામો તથા આવાં કામો કરનારને નીચ સમજવામાં આવે છે. ૩. **હલાલ અને પાક વ્યવસાય :** જેમ કે જાઈઝ વ્યાપાર, ખેતિ, જાઈઝ નોકરી વગેરે.

ત્રીજા પ્રકારના અમુક લોકોને પણ સામાન્યતઃ નીચ સમજવામાં આવતા, પરંતુ તે વ્યાપારના કારણે નહીં બલ્કે અમુક દુર્ગણોના કારણે જે એમનામાં જોવા મળતા, તે ગુણો ન હોય તો ધૃણા પણ નહીં કરવામાં આવે, ધંધા વ્યવસાયમાં કોઈ બુરાઈ નથી અને હવે તે એ સ્થિતિ છે કે દરેક જાતિના લોકો દરેક પ્રકારના વ્યવસાયથી જોડાઈ રહ્યા છે.

## ★ ઉચ્ચતા અને નીચતાનો આધાર ★

કોઈ વ્યક્તિ ઈલ્મે દીન, સિયાદત, ઉચ્ચ અખ્લાક ત્રણેવ અથવા એમાંથી કોઈ બે અથવા એકથી સજ્જ હોય તો એ શરીફ (ઉચ્ચ) કહેવાશે, અને જે વ્યક્તિ હરામ અથવા નીચ વ્યવસાયથી સંબંધિત હોય અથવા તેના સંસ્કાર અને ગુણોમાં નીચતા હોય તો તે શરીફ નહીં કહેવાય. પરંતુ કફાઅતનો આધાર દુનિયવી ઉર્ફ પર છે, માટે આમ લોકોમાં એમનામાંથી કોઈ ઈજ્જતવાળો સમજવામાં આવતો હોય તો તે પણ શરીફ કહેવાશે. જેમ કે નાજાઈઝ કચેરીઓ અને જાલિમ હાકિમોના કર્મચારીઓને સામાન્યતઃ સન્માનિત સમજવામાં આવે છે.

## ★ અરબ સિવાયના લોકોમાં કૌમિયતની બુનિયાદ ★

કૌમિયત એટલે કે જાતિનો આધાર ચાર વસ્તુઓ પર છે :–

(૧) **નસબ** : જેમના નસબ (વંશાવલી) સુરક્ષિત છે એમની જાતિ એમના નસબના આધારે છે, જેમ કે સાદાતે કિરામ કે એમનો નસબ મહફૂઝ છે.

(૨) **વ્યવસાય** : જેમ કે વણકર, ભઠિયારા, દરજી વગેરે જેમનાં નામ એમના વ્યવસાય તરફ સંબંધિત છે.

(૩) **વ્યક્તિત્વ** : જેઓની જાતિ કોઈ વ્યક્તિથી સંબંધિત હોય જેમ કે ખાન.

(૪) **વતન** : જેઓ વતનથી સંબંધિત હોય જેમ કે મુગલ, નાગોરી, મારવાડી વગેરે.

## ★ નિકાહ સંબંધનો મામલો ★

વૈવાહિક જીવનની ખુશી સામાન્ય રીતે બરાબરના લોકોમાં જ જોવા મળે છે એટલા માટે એ વાતનો લેહાઝ રાખવામાં આવ્યો કે યુવતીનો નિકાહ તેનાથી બરાબરના યુવાન સાજે જ થાય.

**(૧)** વાલીઓ અને જિમ્મેદારોએ જોઈએ કે બાલિગ થવા પર ઔલાદના નિકાહમાં જલ્દી કરે. તા'લીમ પૂરી કરવા, નોકરી અને સારા રિશ્તાની તલાશ વગેરેમાં મોડુ ન કરે. કારણ કે હદીષમાં એને ફિત્નો અને મોટી ખરાબીનું કારણ બતાવવામાં આવ્યું છે અને ઔલાદના નિકાહમાં જલ્દી કરવાની તાકીદ કરવામાં આવી છે. માટે યોગ્ય રિશ્તો શોધી વહેલી તકે આ જવાબદારી પૂરી કરવી જોઈએ.

હદીષ શરીફમાં છે :–

**(૧)** હઝરત અલી كرم الله وجهه الكريم થી રિવાયત છે. રસૂલુલ્લાહ





ﷺએ અમને ફર્માવ્યું, "હે અલી ! ત્રણ બાબતોમાં મોડુ ન કરો : નમાઝમાં જ્યારે નમાઝનો સમય થઈ જાય, નમાઝે જનાઝામાં જ્યારે જનાઝો હાજર હોય, અપરિણત સ્ત્રીને જ્યારે કુફુવ (યોગ્ય પાત્ર) મળે તો એના નિકાહમાં." *(અહમદ, હાકિમ, તિર્મિઝી, બયહકી, મિશ્કાત)*

**(૨)** હઝરત અબૂ હુરૈરહ્ رضي الله عنهથી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, "જ્યારે તમને કોઈ એવી વ્યક્તિ નિકાહનો પયગામ મોકલે જેનો દીન તથા અખ્લાક તમને પસંદ હોય તો તેની સાથે નિકાહ કરી દો. જો એવું નહીં કરો તો જમાનામાં ફિત્નો અને મોટી ખરાબ ઉત્પન્ન થશે." *(તિર્મિઝી, ઈબ્ને માજા)*

**(૩)** હઝરત ઉમર બિન ખત્તાબ અને અનસ બિન માલિક رضي الله عنهથી રિવાયત છે. રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, "તવરાતમાં લખેલ છે કે જેની પુત્રી બાર વરસની થઈ જાય અને એ તેનો નિકાહ ન કરાવી દે તો એ પુત્રી કોઈ ગુનોહ કરશે તો એ ગુનાહની જવાબદારી એ પુત્રીના પિતા પર છે." *(બયહકી, મિશ્કાત)*

**(૪)** ઔલાદ સમજદાર અને બાલિગ હોય તો માબાપો માત્ર પોતાની પસંદને પૂરતી ન સમજે બલ્કે મિત્રો અથવા સહેલીઓ દ્વારા ઔલાદની પસંદ પણ પહેલાં જાણી લે, જેથી બાદમાં કોઈ અણગમો ન ઉભો થાય.

**(૫)** ઔલાદે પણ પોતાના મા બાપની પસંદ પર ભરોસો કરવો જોઈએ. અથવા યોગ્ય રીતે તેમને પોતાની પસંદ બતાવી દે અને બને ત્યાં સુધી એમની ફર્માંબરદારીમાં પોતાની ભલાઈ જાણે અને તેના પર અડગ રહે.

**(૬)** અગત્યનો મસ્અલો એ છે કે જો આકિલા, બાલિગા યુવતી પોતાના વાલીઓ અને જિમ્મેદારોની મરજી વિરુદ્ધ કોઈ બીજી

જાતિમાં અથવા ગૈર કુફૂથી જે આક઼િલ, બાલિગ, મુસલમાન હોય એની સાથે પોતાનો નિકાહ કરી લે તો આવો નિકાહ થશે કે નહીં ?

ફુક઼હાએ મુતઅખ્ખિરીનએ ઈમામે આ'ઝમ رضی اللہ عنہ થી હસન બિન ઝિયાદની રિવાયતે નાદિરા પર અમલ કરતાં એ ફત્વો આપ્યો છે કે આવો નિકાહ થશે નહીં, કારણ કે ગૈર કુફૂ સાથે નિકાહ કરવાથી વાલીઓની બદ્નામી થાય છે અને પછી તેની ભરપાઈ પણ થઈ નથી શકતી, એટલે કે ક઼ાઝી સમક્ષ ચૂકાદો રજૂ કરી નિકાહ રદ કરાવવું ઘણુ જ મુશ્કેલ હોય છે.

પરંતુ હવે સ્થિતિ એ છે કે કોલેજોની યુવા યુવતીઓની ભેળ સેળવાળી તા'લીમ, મોબાઈલ વગેરેથી વધતા જતા સંબંધો, કલબો અને ચોપાટીઓ પર આઝાદીની સાથે હરવુ ફરવું અને બીજી ઘણી બધી બુરાઈઓના કારણે યુવા યુવતીઓ પોતાનો નિકાહ પોતે જ કરી લે છે. પછી કોર્ટ દ્વારા તેને ક઼ાયદેસર પણ બનાવી લેવામાં આવે છે અને મા બાપ તથા ખાનદાનથી અલગ આઝાદ જીવન વીતાવે છે. વાલીઓ પોતાની અથવા સમાજ અથવા ક઼ાનૂનની શક્તિ વગેરે કોઈપણ રીતે તેમને અલગ નથી કરાવી શકતા. જાહેર છે કે જ્યારે એમનો નિકાહ થતો જ નથી તો એમની પરસ્પર જિંદગી જીવનભર હરામકારીમાં પસાર થશે અને જાહેર છે કે ઔલાદનું જીવન હરામકારીમાં વ્યતિત થશે. તો તેનું નુકસાન અને તેના કારણે પેદા થતી બદનામી ગૈર કુફૂમાં થતા નિકાહની બદનામી કરતાંય ઘણી જ વધારે છે.

મૂળ હનફી મઝહબ અને ઈમામે આ'ઝમ رضی اللہ عنہ થી નક઼લ થયેલ રિવાયતે ઝાહેરા મુજબ આક઼િલા, બાલિગા પોતાનો નિકાહ વાલીની ઈજાઝત વગર ગૈર કુફૂમાં કરે તો નિકાહ થઈ જશે અને વાલીને અધિકાર રહેશે કે ક઼ાઝીને ત્યાં ચુકાદો રજૂ કરી આ નિકાહ રદ કરાવી દે.





આ મૂળ મઝહબથી વિપરિત મુતઅખ્ખિરીને જે મસ્લેહતના લીધે રિવાયતે નાદિરા મુજબ ફત્વો આપ્યો છે આજે એ મસ્લેહતની પ્રાપ્તિ અને નુકસાનથી બચાવ કોઈ પણ રીતે જોવા નથી મળતાં, માટે આજની સ્થિતિ એવી છે કે હવે મૂળ મઝહબ તરફ રુજૂઅ કરી રિવાયતે ઝાહિરા પર અમલ કરતાં એ હુકમ આપવામાં આવે કે **આક઼િલા, બાલિગા યુવતી વાલીઓની ઈજાઝત વિના ગૈર કુફૂ મુસલમાન સાથે પોતાનો નિકાહ કરી લે તો એ નિકાહ જાઈઝ અને દુરુસ્ત થશે.** આ રિવાયત પર અમલ કરવા અને ફત્વો આપવામાં આક઼િલા, બાલિગાને તેની અંગત બાબતોમાં તેનો હક્ક઼ પણ આપવું છે અને ઔલાદને જીવનભર હરામકારીના ગુનાથી બચાવવું પણ છે.

સેમીનારમાં સામેલ ઉલમાએ કિરામે ઘણા વિચાર વિર્મશ બાદ એ ફૈંસલો કર્યો કે હવે અસ્લ મઝહબ અને રિવાયતે ઝાહિર મુજબ ફત્વો આપવામાં આવશે અને એમાં જ ભલાઈ છે. (વલ્લાહુ તઆલા અઅ્લમ)

આવા જ એક મસ્અલામાં આ'લા હઝરત ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہ એ ઈમામ મુહમ્મદ رحمۃ اللہ علیہ ની એ રિવાયત જેના મુજબ ફત્વો આપવામાં આવે છે એનાથી વિપરિત ઈમામે આ'ઝમ رضی اللہ عنہ ના ઝાહિર મઝહબને ઈખ્તેયાર કર્યો છે. આ મસ્અલો સ્પ્રિટ મિશ્રિત ખાંડની પડીકીના પાક અને નાપાક હોવા વિશે છે. ફત્વાનો સાર આ પ્રમાણે છે :–

''ખાંડની પડીકીને સ્પ્રિટના રંગમાં બોળવું જો શરઈ તૌર પર સાબિત પણ થઈ જાય તો પણ લગભગ હિંદુસ્તાનવાસીઓ તેને પોતાના રોજીંદા જીવનમાં વાપરે છે અને તેથી તેમના માટે આ પડીકીથી બચવું બહુ જ મુશ્કેલ છે, તેના સિવાય જે કારણોસર પછીના મુફતીઓએ ઈમામે આ'ઝમના મઝહબના બદલે ઈમામે

મુહમ્મદના ક઼ૌલ પર ફત્વો આપ્યો, તે કારણ પણ વર્તમાનકાળમાં ગાયબ છે, તેના લીધે આજના યુગ પ્રમાણે ફત્વો ઈમામે આ'ઝમના મઝહબ મુતાબિક઼ આ પ્રમાણે હોવો જોઈએ કે સ્પ્રિટના રંગમાં રંગેલી પડીકીને વાપરવામાં વાંધો નથી. *(ફતાવા રઝવિય્યહ્ના લખાણનો ખુલાસો)*

આ ફત્વો ઉપરોક્ત વર્ણન થયેલ કુફૂના મસ્અલાનું દષ્ટાંત એ રીતે છે કે જે રીતે આ મસ્અલામાં સામાન્યતઃ અધિક્તમ લોકોના સપડાયેલ હોવાના કારણે ગુનાહથી બચવું મુશ્કેલ છે એ જ રીતે કુફૂના મસ્અલામાં પણ માહોલની આઝાદી અને ક઼ાનૂની દબાવના કારણે ગુનાહથી બચવું મુશ્કેલ છે, બંને મસ્અલામાં સામ્યતા ગુનાહથી બચવાનું મુશ્કેલ હોવું છે.

જેમ પડીકીથી નાપાકીના મસ્અલામાં મસ્લેહત જાહેર મઝહબથી રુજૂઅ કરવાનો તકાદો કરે છે એવી જ રીતે કુફૂના મસ્અલામાં મસ્લેહત અસ્લ મઝહબ તરફ રુજૂઅનો તકાદો કરે છે અને રિવાયતે નાદિરાના મુજબ અમલ કરવામાં મસ્લેહતની પ્રાપ્તિ અને ખરાબીથી બચાવ બંનેવ મળતાં અને રિવાયતે ઝાહેરા પર ઘણા ફુક઼હાએ ફત્વો આપ્યો અને તેને રાજેહ તથા દુરુસ્ત કહેવું, અને પોતે આપણા ઈમામે ષાની ક઼ાઝીયુલ કુઝાત ઈમામ અબૂ યૂસુફ رحمۃ اللہ علیہએ પણ તેને જ અધિક સાવચેતીપૂર્ણ બતાવ્યું. પછી ઈમામ સરખસીના જમાના સુધી સર્વ ફુક઼હાએ આ જ ઝાહિર્રુરરિવાયત મુજબ ફત્વો આપ્યો અને અમલ કર્યો. (વલ્લાહુ તઆલા અઅ્લમ)





## :: પાંચમી તથા છઠ્ઠી બેઠક ::

*(આયોજીત ૨૧, સફર હિ.સ. ૧૪૩૩, ૧૬ જાન્યુઆરી ઈ.સ. ૨૦૧૨ સોમવાર)*

# ડી. એન. એ. (D.N.A.) ટેસ્ટ ઈસ્લામની દષ્ટિએ

### ★ ડી. એન. એ. શુ છે ? ★

પવિત્ર ઈસ્લામી શરીઅતમાં ઔલાદ તથા મા બાપ તેમજ તેમના પૂર્વજોમાં પેઢીઓમાં (નજીકના સંબંધીઓમાં) જુઝવી સંબંધો (લોહીના રિશ્તા)ને માન્યતા આપવામાં આવી છે, ત્યાં સુધી કે વ્યભિચારી સ્ત્રી, પુરૂષ (ઝિનાખોર સ્ત્રી, પુરૂષ)ના મિલાપથી પેદા થનાર બાળકમાં પણ તે સ્ત્રી તથા પુરૂષના અંશો ઉપસ્થિત હોય છે. (બલ્કે બીજા ખાનદાન અથવા કબીલાની કોઈ સ્ત્રીએ અન્ય ખાનદાનના બાળકને બે અઢી વરસની ઉંમરમાં દૂધ પીવડાવ્યું હોય તો પણ તેનાથી લોહીનો સંબંધ (જુઝવી સંબંધ) પેદા થઈ જશે.

આ જ જુઝઈયત (ભાગ હોવું, લોહીનો સંબંધ હોવા)ને મેડિકલ સાઈન્સની ભાષામાં ડી. એન. એ. કહેવામાં આવે છે. અને આવા જ સંબંધો (લોહીના સંબંધો)ની તપાસ તથા ચકાસણીને ડી. એન. એ. ટેસ્ટ કહેવામાં આવે છે. આ તપાસ તથા ચકાસણી દરમ્યાન જે હકીક઼ત સામે આવે છે તેને ડી. એન. એ ટેસ્ટનો રિપોર્ટ કહેવામાં આવે છે. આ છે શરીઅતની દષ્ટિએ ડી. એન. એ. નો ટૂંકો પરિચય.

અને આધુનિક સાઈન્સની દષ્ટિએ ડી. એન. એ. વાસ્તવમાં અમુક વિશેષ પ્રકારના કીમીયાઈ મિશ્રણ (રાસાયણિક (મિશ્રણ)ને

કહેવામાં આવે છે. જેમાં માનવીની ઝાત અથવા તેના મા બાપ તેમજ તેના પૂર્વજો પેઢીઓની જાતને વિશેષ રીતે નિશ્ચિત કરનાર અલગ અલગ પ્રકારના વંશિય અવશેષો (અંશો) ઉપસ્થિત હોય છે. કોઈ પણ વ્યક્તિના આ અવશેષો આખી દુનિયામાં બીજી વ્યક્તિના અવશેષો સાથે મેળ નથી ખાઈ શક્તા, જેમ કે એક વ્યક્તિના અંગૂઠા તથા આંગળીઓનાં નિશાન બીજી વ્યક્તિના અંગૂઠા તથા આંગળીઓનાં નિશાનની સાથે મેળ નથી ખાતાં.

તો કોઈ પણ વ્યક્તિના અંગ અથવા શરીરના કોઈ પણ ભાગમાં એક વિશેષ પ્રકારના તત્વોની તપાસ તથા જાંચનુ નામ ડી. એન. એ. ટેસ્ટ છે. અને તપાસ તથા જાંચ કર્યા બાદ તે અંશો (તત્વો) જેનાં સાબિત થાય તેની સાથે તે તત્વોના મેળાપ તથા જેના ન હોય તેનાથી તે તત્વોના જુદાપણાની ખબરને ડી. એન. એ. ટેસ્ટનો રિપોર્ટ કહે છે. જાનવરોનું ડી. એન. એ. માનવીના ડી. એન. એ. થી અલગ હોય છે, અને અલગ હોવું પણ જોઈએ, કેમ કે બંનેવ અલગ અલગ પ્રકારની જાતિ તથા વર્ગ ધરાવે છે.

ડી. એન. એ. ના સંશોધનથી એ હક઼ીક઼ત સ્પષ્ટ થઈ ગઈ કે ઈસ્લામે ઔલાદ તથા મા બાપના દરમ્યાન જે શારીરિક સમાનતા (ભાગીદારી)ની ખબર આપી હતી ડી. એન. એ. તે રહસ્યમય ખબરનું સંશોધન તથા ખુલાસો છે. જેથી તપાસ જેટલી સાચી તથા યોગ્ય હોય રિપોર્ટ એટલો જ સાચો તથા હક઼ીક઼ત મુજબ હશે.

### ★ ડી. એન. એ. ટેસ્ટ તથા તેનો રિપોર્ટ શરીઅતની દષ્ટિએ ★

કોઈ વ્યક્તિ માટે શારીરિક સમાનતાને સ્વીકાર કરવા અથવા તે વ્યક્તિ માટે તેને નકારવાની ખબર એ (ડી. એન. એ.)ની શરઈ હૈસિયત છે. પરંતુ આ ખબર માત્ર એક ખબર જ નહીં બલ્કે એક





એવી ખબર છે જેના સાચા હોવાનો વારંવાર અનુભવ થઈ ચૂક્યો છે. અને હવે તેમાં મૂળ નિયમોના આધારે ગલતી તથા ભૂલની શક્યતા ઘણી ઓછી બલ્કે ન હોવાના બરાબર છે. જેથી આવી ખબરથી ઝન્ને ગાલિબ (અધિક્તર ગુમાન, ચોક્કસ ધારણા)નો ફાયદો થાય છે. પરંતું શરઈ હુકમ કમસેકમ બે વિશ્વાસપાત્ર માહિર ડોક્ટરો દ્વારા રિપોર્ટ આપ્યા બાદ જ લાગુ કરવો જોઈએ. અને જો પર્સનલ મોબાઈલ મશીન દ્વારા પણ તપાસ કરીને સંતોષ પ્રાપ્ત કરી લેવામાં આવે તે પણ યોગ્ય છે.

શરીઅતમાં તેની મિષાલ (ઉદાહરણ) તે મજબૂત (સચોટ) આધારો તથા દલીલો છે જેનાથી દિલોને સંતોષ પ્રાપ્ત થઈ જાય છે અને શરીઅતે પણ તે પુરાવાઓ તથા દલીલોને એક હદ સુધી માન્ય રાખી છે.

જેમ કે ''હિદાયા''માં કેટલાયે ઉદાહરણો જોવા મળે છે. જેનો ખુલાસો એ છે કે ખાલી ઘરમાં કોઈ વ્યક્તિ દાખલ થઈ અને તે ઘરમાં તેના સિવાય બીજા કોઈના પ્રવેશ કરવાની બિલકુલ શક્યતા નથી કેમ કે ઘરમાં પ્રવેશ કરવા તથા બહાર નીકળવાના તમામ રસ્તાઓ બંધ છે, જેથી નિશ્ચિત રીતે બુધ્ધિ એ ફેંસલો કરશે કે સ્વીકાર કરનાર તે જ વ્યક્તિ છે જે ઘરમાં દાખલ થયો છે. આવા ઉદાહરણોની દષ્ટિએ ડી. એન. એ. ટેસ્ટનો રિપોર્ટ જે આધારથી વધુ નિકટ તથા યોગ્ય છે તે અકલી આધાર (પુરાવો) છે. જેમ કે હોસ્પિટલમાં કોઈ સ્ત્રીએ બાળકને જન્મ આપ્યા બાદ તે બાળક બીજા બાળકોમાં ભેગું મળીને ઓળખવું મુશ્કેલ થઈ ગયું. ડી. એન. એ. ટેસ્ટ દ્વારા તે સ્ત્રીના શારીરિક અંશો તે બાળકોમાંના માત્ર એક જ બાળક સાથે મેળ ખાઈ છે, તેના સિવાય બાકી બીજાં બાળકો સાથે મેળ નથી ખાતાં, તો નિશ્ચિત રીતે દિમાગ એ ફેંસલો કરે છે કે તે બાળકની મા તે જ સ્ત્રી છે જેના ડી. એન. એ.

તે બાળકની સાથે મેળ ખાય છે. અથવા જેના શારીરિક અંશો તે બાળકમાં ઉપસ્થિત છે તે બાળક તે સ્ત્રી સિવાય બીજી કોઈ સ્ત્રીનું નથી, ત્યાં સુધી કે જે વ્યક્તિ એક બીજાની સાથે સમાનતા ધરાવતા આવા વંશિય અવશેષો (અંશો)ની ઓળખ ધરાવતો હોય અને તેણે સંશોધન દરમ્યાન તેનો વારંવાર અનુભવ કર્યો હોય તો તેવી વ્યક્તિ તેની ગવાહી પણ આપી શકે છે કે આ બાળક ફલાણી સ્ત્રીનું જુઝ (શારીરિક ભાગ) છે.

આ રીતે જોવામાં આવે તો ડી. એન. એ. ટેસ્ટ રિપોર્ટનું સ્થાન (હૈસિયત) અકલી આધાર (બૌધિક કસોટી)નું છે. અને હવે તો હજારો વાર બલ્કે તેનાથી પણ વધુ અસંખ્ય વારના તજરબા તથા અનુભવથી એ વાત નિશ્ચિત થઈ ચૂકી છે કે આ રિપોર્ટ સો ટકા (૧૦૦%) સાચી હોય છે અને તેમાં ભૂલ તથા ગલતીની શક્યતા સામાન્ય રીતે નહીંવત હોય છે. સ્વાસ્થ્ય તથા સાઈન્સી જગતમાં તેની સ્થિતિ આવી જ છે. અને વિશ્વભરની સત્તાઓએ પણ પોતાની સહૂલતના હેતુથી તેના પર (ડી. એન. એ.) વિશ્વાસ કર્યો છે.

હા ! આ રિપોર્ટ સો ટકા સાચો ત્યારે જ હોય છે જ્યારે કે સેમ્પલ સાચો તથા જાળવીને લેવામાં આવ્યો હોય. મશીનથી જે રિપોર્ટ આવે તેને સાચી રીતે વાંચવા તથા સમજવામાં આવે, એક જ અંગની ૧૫ અથવા કમસે કમ ૧૩ જગ્યાએથી ટેસ્ટ લેવામાં આવ્યો હોય, મશીન બરાબર ચાલતુ હોય, ટેસ્ટ પેહલાં તેની ચોક્કસ રીતે સફાઈ કરવામાં આવી હોય, ટેક્નિશયન નિષ્ણાત હોય, અનુભવી હોય, કેમિકલ ઉચ્ચ કોટીનાં ઉપયોગ કરવામાં આવ્યાં હોય. જો આ સર્વ વસ્તુઓ નિશ્ચિત રીતે હોય તો તે રિપોર્ટ સાચો હશે. ઉપરોક્ત શરતો મુજબ રિપોર્ટની યોગ્યતા તથા સચ્ચાઈનો આધાર એ પ્રમાણે જ છે જેમ કે શરઈ ફત્વાની સચ્ચાઈ





(ખરા હોવા)નો આધાર અમુક શરતો પર આધારિત છે. જેમ કે મુફ્તીનું ફક્રીહ હોવું, માહેર તથા અનુભવી મુફ્તીની ખિદમતમાં રાત દિવસ રહીને ફત્વા લખવાની પ્રક્ટિસ (મસ્અલાની) કરી હોય, સવાલને ધ્યાનપૂર્વક વાંચીને સારી રીતે સમજી શક્તો હોય, અનુકૂળ તથા વિરોધી જુઝઈયાતમાં (ઉદાહરણોમાં) ચિંતન કરીને (સમજીને) અનુકૂળ (સમાનતા ધરાવતા) જુઝઈયાતો દ્વારા દલીલ તથા પુરાવા આપ્યા હોય તેમ જ પબ્લિકના ઉર્ફ (બોલચાલ, રહેણીકરણી વગેરે) તથા સમયની ધારા પર નજર ધરાવતો હોય, મજબૂરી તથા વિશેષ પ્રકારની પરિસ્થિતિઓથી ગાફિલ ન હોય. આ શરતોના લીધે કોઈ માહિર જિમ્મેદાર મુફ્તીના ફત્વાની સત્યતા પર કોઈ અસર નથી પડતી. એ જ રીતે ડી. એન. એ. ના માહિર, અનુભવીના રિપોર્ટના ખરા હોવા અથવા ખોટો હોવા પર ઉપરોક્ત શરતોના આધારે કોઈ અસર નથી પડતી.

### ★ ઝિના (વ્યભિચાર), બળાત્કાર, કત્લ વગેરે અપરાધોની સાબિતી ડી. એન. એ.થી થઈ શકે છે? ★

ડી. એન. એ.ના રિપોર્ટ દ્વારા વ્યભિચાર, ચોરી, કત્લ વગેરે કિસાસ તથા સજા પાત્ર અપરાધોની સાબિતિ થઈ શક્તી નથી, કેમ કે શરીઅતે ઝિનાની સાબિતિ માટે (ઝાની અથવા ઝાનિયાનો) સ્વીકાર, અથવા ચાર દીનદાર પુરૂષોની આંખો દેખી ગવાહીને જરૂરી ઠરાવી છે, તેમજ અન્ય અપરાધોની સજાઓ તથા કિસાસની સાબિતિ માટે સ્વંય ઈકરાર (સ્વીકાર) અથવા બે પુરૂષોની ગવાહી લાઝમી તથા જરૂરી ઠરાવી આપી છે. અને આ (ડી. એન. એ.) રિપોર્ટ સ્વીકાર પણ નથી અને ગવાહી (શહાદત) પણ નથી.

જેથી ડી. એન. એ. ટેસ્ટની રિપોર્ટ દ્વારા ઝિના, ચોરી, કત્લ (હત્યા) વગેરે સજા પાત્ર અપરાધોની સાબિતિ થશે નહીં. હા ! તે

રિપોર્ટની હૈસિયત (સ્થાન) અકલી આધારની હોય શકે છે, જેથી તે રિપોર્ટમાં અંગ અથવા શારીરિક અંશનો નમૂનો જેનો સાબિત થશે તેનાથી તપાસ તથા પૂછપરછ થઈ શકે છે. (અલ્લાહ બેહતર જાણનાર છે.)

**એક બાળકના કેટલાયે દાવેદાર (ઉમેદવાર) હોય અને કોઈની પાસે પણ સ્પષ્ટ શરઈ સાબિતિ ન હોય તો આવા બાળકનો વંશ (માતા પિતાની ઓળખ) ડી. એન. એ. વડે ચોક્કસ કરી શકાય ?**

**(અ)** જે બાળકના એકથી વધુ દાવેદાર હોય અને કોઈની પાસે સ્પષ્ટ શરઈ સુબૂત ન હોય તો આવા બાળકનો નસબ (વંશ : માતા પિતાની ઓળખ) ડી. એન. એ. વડે ચોક્કસ કરી શકાય છે.

**(બ)** એ જ પ્રમાણે એકથી વધુ નવજાત બાળકો ભેળસેળ થઈ જતાં તેમની ઓળખ મુશ્કેલ થઈ ગઈ હોય, જેમ કે ક્યારેક ક્યારેક પ્રસૂતિ ગૃહોમાં થઈ જાય છે, તો ડી. એન. એ. ટેસ્ટ દ્વારા આવા બાળકનાં માતા પિતાની ઓળખ તથા વંશ નક્કી કરી શકાય છે.

**(ક)** કોઈ વ્યક્તિ જે પોતાને પોતાના સગા બાપ સિવાય બીજા અન્યને પોતાનો બાપ કહેવામાં શંકા હોય તો ડી. એન. એ. ટેસ્ટ દ્વારા આ પ્રકારની શંકા પણ દૂર કરી શકાય છે.

**(ખ)** એક વ્યક્તિ પર ઝિના (વ્યભિચાર)નો આરોપ લગાડવામાં આવ્યો હોય અને સ્ત્રી બીજા કોઈના નિકાહ અથવા ઈદ્દતમાં ન હોય અને ડી. એન. એ. રિપોર્ટ પોઝેટિવ હોય તો પેદા થયેલ બાળકી આરોપી પર હરામ જઈ જશે.

ટૂંકમાં એ કે **ડી. એન. એ. ટેસ્ટનો રિપોર્ટ શરઈ સાબિતિ**





**નથી.** તેનું સ્થાન (હૈસિયત) અક્લી કરીના (બૌધિક આધાર)ની છે. જેથી શરીઅતે જે પરિસ્થિતિઓમાં આધારભૂત લક્ષણો (કરાઈન)ને માન્યતા આપી છે એ તમામ પરિસ્થિતિઓમાં આ રિપોર્ટનો પણ સ્વીકાર કરવામાં આવશે અને જે પરિસ્થિતિઓમાં સ્પષ્ટ સબૂત જેમ કે અપરાધીનો સ્વીકાર, અથવા શરઈ ગવાહોની જરૂરત હોય, જેમ કે ઝિના, ચોરી વગેરે, તેમાં આ રિપોર્ટનો એતેબાર થશે નહીં. (અલ્લાહ બેહતર જાણનાર છે.)

*(હવાલો : અશરફિયા મંથલી ઉર્દૂ, મુબારકપુર, યુ.પી., માર્ચ–૨૦૧૨)*